ગાંધીનગર, સાબરકાંઠા, અમદાવાદ, મહેસાણા, આણંદ, સુરત, જામનગરથી પ્રસિદ્ધ થતું દૈનિક

RNI No. GUJGUJ/2015/62482

મહેસાણા

# લોકાર્પણ

તંત્રી : ગૌરાંગ પંડ્યા - 99099 69099 નિવાસી તંત્રી : અપૂર્વ રાવળ - 96879 46130 (Tele/Fax) 079 - 2321 1379

Printer / Publisher / Owner / Editor : Gaurang Dipakbhai Pandya • Printed : Namasvi Offset, Plot No. K-1/906/8, GIDC, Sector-28, Gandhinagar (GUJARAT) 382028 • Published : C/o. Harish Choksi, Bapusinh Ni Khadki, Vaheravasan, At. & Ta. Vijapur, Dist. Mehsana-382870 (GUJARAT)

• વર્ષ 5 • અંક 076 • દિનાંક 15-06-2019 • શનિવાર • વિક્રમ સંવત 2075 • પાના 4 • કિંમત : 50 પૈસા (વિતરણ ખર્ચ અલગ) • email : lokarpandaily@gmail.com • www.govtofgaurang.com

## ડૉક્ટરોની હડતાલ બંગાળથી દિલ્હી, મહારાષ્ટ્ર સુધી પહોંચી

(એજન્સી) નવીદિલ્હી

પશ્ચિમ બંગાળથી શરૂ થયેલી જૂનિયર ડૉકટરોની હડતાલનો રેલો હવે મહારાષ્ટ્ર, દિલ્હી અને હૈદરાબાદ જેવા રાજ્યોમાં પણ પહોંચ્યો છે. પશ્ચિમ બંગાળના ડૉકટરોની હડતાલના સમર્થનમાં એઈમ્સે અખિલ ભારતીય વિરોધ દિવસની જાહેરાત કરી છે. દિલ્હી મેડિકલ એસોસિએશન સિવાય પટણા અને રાયપુર એઈમ્સના ડૉકટરો પણ હડતાલનું સમર્થન કરી રહ્યા છે. બંગાળના બે અલગ-અલગ હોસ્પિટલમાંથી કુલ ૪૩ ડૉક્ટરોએ રાજીનામાં આપી દીધા છે.નોર્થ બંગાળ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ, દાર્જિલિંગના ૨૭ અને આરજી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલ, કોલકાતાના ૧૬ ડૉક્ટરોએ રાજીનામાં આપી દીધા છે. ત્યાંજ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ ફરીથી જણાવ્યું છે કે, તે બંગાળને ગુજરાત નહીં બનવા દે. ડૉકટરોએ સવારે રજિસ્ટ્રેશન પ્રક્રિયા બંધ કરી દીધી હતી જેને લીધે દૂરથી આવેલા દર્દીઓને ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.બંગાળ સહિત દિલ્હી, મુંબઇ અને હૈદરાબાદ જેવા રાજ્યોના ડૉક્ટરો હડતાલ પર ઉતરી ગયા છે. દિલ્હી મેડિકલ એસોસિએશન (ડીએમએ)ના અધ્યક્ષ ડૉ. ગિરિશ ત્યાગીએ જણાવ્યું હતું કે, માત્ર ઈમરજન્સી સેવાઓ જ ચાલુ રહેશે. રાજ્યમાં ૧૮ હજારથી વધુ ડૉકટરો ડીએમએથી જોડાયેલા છે. ડૉકટરો વિરુદ્ધ થઇ રહેલી હિંસામાં સામેલ લોકો વિરુદ્ધ કડક કાર્યવાહી માટે એક કાયદાની જરૂર છે, જેમાં ડૉકટરો પર થતી હિંસા માટે કડક સજાની જોગવાઇ કરવામાં આવે.આવામાં કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધને જણાવ્યું હતું કે, તેઓ સંબંધિત રાજ્યોના મુખ્યમંત્રી સાથે આ મામલે ચર્ચા કરશે. આઈએમએએ ડૉકટરો પર થઇ રહેલા હુમલાને રોકવા માટે એક કડક સેન્ટ્રલ હોસ્પિટલ પ્રોટેક્શન એકટ બનાવવાની માંગ કરી છે.એઈમ્સ અને સફદરજંગ હોસ્પિટલના ઓપીડીમાં દરરોજ લગભગ ૧૦ હજાર દર્દીઓ સારવાર માટે આવે છે. બન્ને હોસ્પિટલમાં રેસિડેન્ટ ડૉકટરોએ રૂટિન સ્વાસ્થ્ય સેવાઓના બોયકોટની જાહેરાત કરી હતી. એઈમ્સના રેસિડેન્ટ ડૉકટર્સના નાયબ અધ્યક્ષ ડૉ. જવાહર સિંહે જણાવ્યું હતું કે, ડૉકટરોમાં ખૂબ જ આક્રોશ છે. અમે લોકો જીવ બચાવવા માટે કલાકો સુધી કામ કરીએ છીએ અને આજે અમારા જીવને જ ખતરો છે. આવા માહોલમાં અમે કેવી રીતે કામ કરી શકીએ? બંગાળમાં અમારા સહયોગીઓ પર હુમલો થયો અને તેમને ધમકી આપવામાં આવે છે પરંતુ રાજ્ય સરકાર કાંઈ કરતી નથી.

## સેન્સેક્સ -૨૮૯ પોઇન્ટ ઘટ્યો અને નિફ્ટી ૧૧,૮૨૩ પર બંધ

(એજન્સી) મુંબઇ

દિવસના અંતે શેરબજારમાં જોરદાર કડાકો થયો છે. જેમાં સેન્સેક્સ ૨૮૯ પોઈન્ટ તૂટ્યો છે. ત્યારે બીએસઇના ૩૦ શેરનો પ્રમુખ ઈન્ડેક્સ સેન્સેક્સ -૨૮૯.૨૯ પોઈન્ટ ઘટીને ૩૯,૪૫૨.૦૭ ની સપાટીએ બંધ થયો છે. બીજી બાજુ, એનએસઈના ૫૦ શેરનો પ્રમુખ ઈન્ડેક્સ નિફ્ટી -૯૦.૭૫ પોઈન્ટ તૂટીને ૧૧,૮૨૩.૩૦ પર બંધ થયો છે. શેરબજારમાં દિવસની શરૂઆતમાં સુસ્તીનું વાતાવરણ જોવા મળ્યું હતુ. જેમાં બીએસઇના ૩૦ શેરનો પ્રમુખ ઈન્ડેક્સ સેન્સેક્સ ૫૫.૬૪ પોઈન્ટ વધીને ૩૯,૭૯૭ ની સપાટીએ ખુલ્યો હતો. બીજી બાજુ, એનએસઈના ૫૦ શેરનો પ્રમુખ ઈન્ડેક્સ નિફ્ટી ૩.૯૫ પોઈન્ટની નરમાઇ સાથે ૧૧,૯૧૦.૧૦ પર ખુલ્યો હતો.શુક્રવારે પણ અમેરિકાના ડોલર સામે રૂપિયામાં કોઈપણ પ્રકારનો ફેરફાર જોવા મળ્યો નથી. ઓપનિંગ ટ્રેડિંગમાં અમેરિકન ડોલર સામે રૂપિયામાં સ્થિરતા જોવા મળી હતી. જોકે જાણકારો જણાવી રહ્યાં છે અમેરિકી ડોલર સામે રૂપિયા મજબૂત થશે. શરૂઆતના વેપારમાં રૂપિયો અમેરિકન ડોલર દીઠ ૬૯.૫૧ ના ભાવ પર ખૂલ્યો હતો. છેલ્લા સત્રમાં રૂપિયો ડોલર દીઠ ૬૯.૫૧ પર બંધ રહ્યો હતો.શુક્રવારે પ્રારંભિક ટ્રેડિંગમાં આઈઓસી, બી.પી.સી.એલ., ગ્રાસીમ, ડૉ. રેડ્ડીઝ લેબ્સ, રિલાયન્સ, ઈન્ડસઈન્ડ બેંક, હિન્દાલ્કો, ભારતી એરટેલ, ટાટા મોટર્સ, એસબીઆઈ, આઈટીસી, જેએસડબ્લ્યુ સ્ટીલ, સિપ્લા, ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ, ઈશેર મોટર્સ, કોટક મહિન્દ્રા, કોલ ઈન્ડિયા, એશિયન પેઈન્ટ્સ અને મહિન્દ્રા અને મહિન્દ્રા નબળાઈ સાથે ટ્રેડ થઈ રહ્યા હતા.બીજી બાજુ, બીજી બાજુ યસ બેંક, ગેઈલ, પાવર ગ્રીડ કોર્પોરેશન, યુપીએલ, વેદાંત, મારુતિ સુઝુકી, બજાજ ફાઈનાન્સ, એચડીએફસી બેંક, વિપ્રો, એનટીપીસી, ભારતી ઈન્ફ્રાટેલ અને એચડીએફસી મજબૂતી સાથે ટ્રેડિંગ કરી રહ્યા હતા.

## ચૂંટણી હારતા મીસા ભારતીએ કરોડોની યોજનાઓ પરત ખેંચી

(એજન્સી) પટણા

લોકસભા ચૂંટણીમાં કારમો પરાજય મેળવ્યા બાદથી રાષ્ટ્રીય જનતા દળમાં ઉથલ-પાથલ ચાલી રહી છે. લોકસભા ચૂંટણીમાં પાટલિપુત્રની બેઠક પર પરાજય મેળવ્યા બાદ રાષ્ટ્રીય જનતા દળના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલુ પ્રસાદ યાદવની પુત્રી અને રાજ્યસભા સાંસદ મીસા ભારતીએ પોતાના સાંસદ ફંડમાંથી ૧૫ કરોડ રૂપિયાની યોજનાઓની મંજૂરી પરત ખેંચી લીધી છે. જુલાઈ ૨૦૧૬માં રાજ્યસભા સાંસદ તરીકે ચૂંટાઈ આવેલ મીસાએ પોતાના કાર્યકાળના શરૂઆતી વર્ષોમાં પોતાના સાંસદ ફંડનો ઉપયોગ કર્યો નહતો. પ્રત્યેક સાંસદ સભ્યને પોતાના વિસ્તારના વિકાસ કાર્યો માટે સાંસદ ફંડ યોજના અંતર્ગત દર વર્ષે પાંચ કરોડ રૂપિયા આપવામાં આવે છે. ચૂંટણી પહેલા મીસાએ પાટલિપુત્ર લોકસભા વિસ્તાર અંતર્ગત આવતા પટણાના ગ્રામીણ વિસ્તારોના વિકાસ કાર્યો માટે પોતાના ફંડમાંથી મોટા ભાગની રકમ વાપરવાની જાહેરાત કરી હતી પરંતુ લોકસભા ચૂંટણીમાં ભાજપા નેતા તેમજ પૂર્વ કેન્દ્રીય મંત્રી રામ કૃપાલ યાદવે તેમને ધોબી પછાડ આપી હતી. યોજના વિભાગના એક અધિકારીએ પોતાનું નામ જાહેર નહીં કરવાની શરતે જણાવ્યું કે અચાનક લીધેલા નિર્ણયના કારણે તેઓ તકલીફમાં મુકાયા છે. લગભગ છ કરોડ રૂપિયાની યોજનાઓ માટે તેમણે મંજૂરી આપી હતી.



પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના પીપણ ગામમા ભાજપાના અને આર.એસ.એસ (R.S.S.)ના પ્રખર કાર્યકર એવા શ્રી દિલીપ ભાઈ જોષીના ત્યાં યોજાયેલ ધાર્મિક કાર્યક્રમ મા બનાસકાંઠા ના સાંસદ શ્રી પરબત ભાઈ પટેલ, જિલ્લા પ્રભારી શ્રી દુષ્યંતભાઈ પંડયા, કાંકરેજ ના ધારાસભ્ય શ્રી કિર્તી સિંહ, સાણંદના ધારાસભ્ય શ્રી કનુભાઈ પટેલ, પ્રદેશ મહામંત્રી શ્રી કે. સી. પટેલ સાહેબ, કિસાન મોરચાના મહામંત્રી શ્રી રજનીભાઈ પટેલ, આર. એસ. એસ ના શૈલેષ ભાઈ ઠક્કર, પૂર્વ ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ પટેલ તેમજ બનાસકાંઠા - સાણંદ - પાટણ - ચાણસ્મા તાલુકાના ભાજપા ના કાર્યકરો પદાધિકારીઓ જેવા કે વિનય સિંહ ઝાલા મુકેશભાઈ દાઢી, મહેશ ભાઈ રાવલ, ચંદુભાઈ પટેલ, બાબુભાઈ પટેલ, પ્રકાશ ભાઈ ચૌધરી વગેરે મહાનુભાવોની હાજરીમાં યોજાયો હતો. જેમાં યોજાયેલ ગણેશ હવન નો તેમજ મહાપ્રસાદનો ઉપસ્થિત રાજકીય - સામાજિક - ધાર્મિક લોકોએ લાભ લીધો હતો.

## ગૂગલના સીઈઓ સુંદર પિચાઈની ભવિષ્ય વાણી, કહ્યું- આ ટીમ રમશે વિશ્વકપ ફાઇનલ

(એજન્સી) ન્યુયોર્ક

ગૂગલના સીઈઓ સુંદર પિચાઈનો ક્રિકેટ પ્રેમ કોઈનાથી છુપાયેલો નથી. તેઓ ઘણીવાર જણાવી ચુક્યા છે તે સ્કૂલના દિવસોમાં ક્રિકેટ રમતા હતા અને આ રમતમાં તેમનો ઘણો રસ છે. ભારતીય મૂળના પિચાઈએ ભવિષ્યવાણી કરી છે કે આઈસીસી વિશ્વ કપની ફાઈનલ ભારત અને યજમાન ઈંગ્લેન્ડ વચ્ચે રમાશે અને તેઓ ઈચ્છે છે કે વિરાટ કોહલીની આગેવાની વાળી ટીમ સારૂ પ્રદર્શન કરીને વિજેતા બને. ૪૬ વર્ષના સુંદર પિચાઈએ કહ્યું કે જ્યારે તેઓ અમેરિકા આવ્યા તો તેમને બેસબોલ થોડું પડકારજનક લાગ્યું હતું. પિચાઈએ યૂએસઆઈબીસીની 'ઈન્ડિયા આઈડિયાઝ સમિટ'માં કહ્યું આ (આઈસીસી વિશ્વ કપ ફાઇનલ) ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાવી જોઈએ. પરંતુ ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ પણ સારી ટીમ છે. સુંદર પિચાઈ યૂએસઆઈબીસીની અધ્યક્ષા નિશા દેસાઈ બિસ્વાલના સવાલનો જવાબ આપી રહ્યાં હતા જેમણે પૂછ્યું હતું કે, તમને શું લાગે છે કે ફાઇનલ મેચ કોની વચ્ચે રમાશે?સુંદર પિચાઈએ અમેરિકામાં ક્રિકેટ અને બેસબોલના પોતાના અનુભવો પણ વર્ણવ્યા હતા. તેમણે કહ્યું, જ્યારે હું પ્રથમ વખત અહીં આવ્યો તો મેં બેસબોલમાં હાથ અજમાવવાનો પ્રયત્ન કર્યો. મારૂ કહેવું છે કે તે પડકારનજક હતું. મારી પ્રથમ મેચમાં મને ખુશી હતી કે મેં બોલને પાછળ હિટ કરી હતી. ક્રિકેટમાં આ ચોક્કસપણે સારો શોટ હોય છે પરંતુ લોકોએ તેની પ્રશંસા ન કરી.સુંદર પિચાઈએ કહ્યું, 'ક્રિકેટમાં જ્યારે તમે રન માટે દોડો તો બેટ સાથે રાખો છો તો બેસબોલમાં હું પણ મારા બેટની સાથે દોડ્યો હતો.

## 'મી ટુ વિવાદ' : જાતીય સતામણીનાં આરોપમાં નાના પાટેકરને કલીન ચિટ; તનુશ્રી પડકારશે

(એજન્સી) મુંબઇ

જાતીય સતામણીના આરોપોમાંથી આલોક નાથ અને વિકાસ બહલને ક્લીન ચિટ મળ્યા બાદ હવે નાના પાટેકરને પણ એ લાભ મળ્યો છે.ટાઈમ્સ નાઉના અહેવાલ મુજબ, મુંબઈ પોલીસે બોલીવૂડના અભિનેતા નાના પાટેકરને એમની સામે 'મી ટુ' કેસમાં કરવામાં આવેલા આરોપમાંથી મુક્ત કરી દીધા છે.નાના પાટેકરનો કેસ બંધ કરી દેવાયો છે. આનું કારણ એ છે કે એમની સામે કોઈ પુરાવો મળ્યો નથી. મુંબઈ પોલીસે સ્થાનિક કોર્ટને કહ્યું છે કે પાટેકરની સંડોવણી અંગે કોઈ પુરાવો મળ્યો ન હોવાથી એમની સામેનો કેસ અમે બંધ કરી દેવા માગીએ છીએ. એમની સામે કોર્ટ કાર્યવાહી શરૂ કરી શકાય એવો કોઈ પુરાવો અમને મળ્યો નથી.ઉલ્લેખનીય છે કે અભિનેત્રી તનુશ્રી દત્તાએ પાટેકર સામે આરોપ મૂક્યો હતો કે ૨૦૦૮માં 'હોર્ન ઓકે પ્લીઝ' ફિલ્મના શૂટિંગ દરમિયાન પાટેકરે એની જાતીય સતામણી કરી હતી.પાટેકરને ક્લીન ચિટ અપાયાના અહેવાલ અંગે તનુશ્રી દત્તા તરફથી સત્તાવાર રીતે કોઈ પ્રત્યાઘાત જાણવા મળ્યા નથી, પણ એના વકીલનું કહેવું છે કે પાટેકરને ક્લીન ચિટ અપાયાના અહેવાલોને રદિયો આપ્યો છે અને કહ્યું કે આ બધી અફવા છે.તનુશ્રીએ તેની જાતીય સતામણી કર્યાનો આરોપ પાટેકર ઉપરાંત કોરિયોગ્રાફર ગણેશ આચાર્ય સામે પણ મૂક્યો છે.તનુશ્રીનો આરોપ છે કે પાટેકર સાથે ઉત્કટ દ્રશ્યોવાળું એક ગીત કરવાની એને પાટેકર અને આચાર્યએ ફરજ પાડી હતી. પોતે એ ગીતમાં ભાગ લેવાનો ઈનકાર કરી દીધો હતો અને તેણે એ ફિલ્મ છોડી દીધી હતી. તનુશ્રીએ એવું કારણ આપ્યું હતું કે એવું ગીત એનાં કોન્ટ્રાક્ટનો હિસ્સો નહોતું.એ ગીતનું શૂટિંગ કરવાની ના પાડીને તનુશ્રી જ્યારે એનાં પરિવાર જનોની સાથે સેટ પરથી નીકળી ગઈ ત્યારે સ્ટુડિયોના દરવાજા પાસે જ બહાર એની કારને ઘેરી લેવામાં આવી હતી અને કાર પર હુમલો કરવામાં આવ્યો હતો.તનુશ્રીએ એની સાથે કરાયેલા એવા અભદ્ર અને હિંસક વર્તાવ વિશે ઝૈંદ્બછછ સંસ્થામાં ફરિયાદ નોંધાવી હતી, પણ એની પર ધ્યાન આપવામાં આવ્યું નહોતું. ત્યારબાદ તનુશ્રી બોલીવૂડ અને મુંબઈ છોડીને અમેરિકા જતી રહી હતી. બાદમાં ગયા વર્ષે એણે ભારત પાછી ફરીને આ કેસ ઉઠાવ્યો હતો અને તેને પગલે 'મી ટુ ઈન્ડિયા' આંદોલન શરૂ થયું હતું.

## મંત્રીઓ ૯.૩૦ વાગ્યે ઓફિસ પહોંચે, ઘરેથી કામ ના કરે : મોદી

(એજન્સી) નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના પ્રત્યેક મંત્રીઓને આદેશ આપતા કહ્યું છે કે હવેથી તેઓ સવારે ૯.૩૦ વાગ્યા સુધીમાં ઓફીસ પહોંચી જવા જોઈએ. તેમજ કોઈ પણ મંત્રી ઘરેથી કામ નહીં કરી શકે જેથી અન્ય અધિકારીઓ માટે ઉદાહરણ પૂરુ પાડી શકાય. બુધવારે કેન્દ્રીય મંત્રીપરિષદની બેઠક યોજાઈ હતી. બેઠકમાં વડાપ્રધાને કહ્યું કે ૪૦ દિવસના આ સંસદ સત્રમાં એક પણ મંત્રી વિદેશ પ્રવાસ પર નહીં જઈ શકે. વડાપ્રધાન મોદીએ પોતાનું ઉદાહરણ આપતા કહ્યું કે જ્યારે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેઓ પણ અધિકારીઓની સાથે-સાથે જ ઓફિસ પહોંચી જતા હતા. મંત્રીપરિષદની પહેલી બેઠકની આગેવાની ખુદ મોદીએ જ કરી હતી. તેમણે પોતાના મંત્રીઓને કહ્યું કે તેઓ નવા ચૂંટાયેલા સાંસદ સભ્યો સાથે પણ મુલાકાત કરે કારણ કે સાંસદ અને મંત્રીઓમાં કોઈ ખાસ ફરક નથી હોતો. તેમણે મંત્રીઓને પાંચ વર્ષ માટે એક એજન્ડા બનાવીને કામ શરૂ કરવા માટે સમજાવ્યું અને કહ્યું કે તેની અસર ૧૦૦ દિવસમાં જ દેખાવવી જોઈએ. આ બેઠકમાં મંત્રી પરિષદે માર્ચ ૨૦૧૯ના ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના અનામત વટહુકમમાં બદલાવ કરવા માટેના બિલને મંજૂર કર્યું છે જેથી ૭૦૦૦ શિક્ષકોની ભરતી કરવામાં આવશે. એક અધિકારીએ જણાવ્યું કે, 'શિક્ષણ ક્ષેત્રમાં મહત્વના સુધારાઓ કરવા પર ભાર આપવામાં આવશે અને આને ધ્યાનમાં રાખીને બીલ રજૂ કરવા માટેની પરવાનગી મળી ગઈ છે.'

## સ્કૂલની આજુ-બાજુ જંક ફૂડની જાહેરાત પર લાગી શકે છે પ્રતિબંધ

(એજન્સી) નવીદિલ્હી

હવે સ્કૂલની આજુ બાજુ જંક ફૂડની જાહારાત કરવા પર પ્રતિબંધ લાગી શકે છે. જંક ફૂડની જાહેરાતથી પ્રભાવિત તઈ વિદ્યાર્થીઓ તેને ખાવા માટે પ્રેરાય છે, અને આવા અસ્વાસ્થ્ય ભોજન આરોગે છે. આવા ખાદ્યપદાર્થથી વિદ્યાર્થીઓને દૂર રાખવા અને સુરક્ષિત-પૌષ્ટીક ભોજનને પ્રોત્સાહન આપવા માટે આ પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.ભારતીય ખાદ્ય સુરક્ષા અને માનક પ્રાધિકરણ (એફએસએસએઆઈ)ના મુખ્ય કાર્યાધિકારી પવન આગ્રવાલે ગુરૂવારે કહ્યું કે, સ્કૂલના બાળકો વચ્ચે સુરક્ષીત અને પૌષ્ટીક ભોજનને પ્રોત્સાહન આપવા માટે પ્રયાસ કરવામાં આવશે. આ હેઠળ સંસ્થાએ સ્કૂલના પરિસરમાં અને તેની આસપાસના વિસ્તારોમાં અસ્વાસ્થ્ય ભોજનની જાહેરાત પર પ્રતિબંધ લગાવવાનો પ્રયાસ કર્યો છે. તેમણે કહ્યું કે, એફએસએસએઆઈએ સ્કૂલોમાં સુરક્ષિત, પૂર્ણ અને પૌષ્ટીક ભોજનની ઉપલબ્ધતા પર એક પ્રસ્તાવ તૈયાર કર્યો છે, જે સ્વાસ્થ્ય મંત્રાલયને અભ્યાસ માટે મોકલવામાં આવશે.અગ્રવાલે સ્કૂલ હેલ્થકેર પર થયેલા એક સમ્મેલનમાં પીટીઆઈ ભાષાને કહ્યું કે, અમે સ્કૂલ પરિસર અને તેના ૫૦ મીટરના એરિયામાં હેર-સ્વાસ્થ્યકારી ૦ખાદ્ય પદાર્થોની જાહેરાત અને પ્રચાર પર અંકુશ લગાવવાનો પ્રસ્તાવ કર્યો છે.માર્ચ ૨૦૧૫માં, દિલ્હી ઉચ્ચ ન્યાયાલયે સ્કૂલના બાળકો માટે સ્વાસ્થ્યકર ભોજનને પ્રોત્સાહન આપવા માટે ખાદ્ય નિયામકને નિયમો બનાવવાનો આદેશ કર્યો હતો. સ્મેનને સંબોધિત કરતા અગ્રવાલે કહ્યું કે, લગભગ ત્રણ વર્ષ પહેલા, ઉચ્ચ ન્યાયાલયે અમને સ્કૂલી બાળકો માટે સ્વાસ્થ્યકર આહાર પર નિયમન લાવવા માટે કહ્યું હતું.અમે તે નિયમનને એક સાથે રાખવામાં મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે, કેમ કે, જો કોઈ કાયદો બનાવવો છે, તો તેને લાગૂ કરવો પડશે. એફએસએસએઆઈએ કેટલાક માપદંડના આધાર પર સ્વસ્થ્ય આહારને પરિભાષિત કરી છે.આ પ્રસ્તાવ લાવવા દરમ્યાન એફએસએસએઆઈએ કહ્યું હતું કે, તેમનો ઉદ્દેશ્ય ચિપ્સ, મીઠા કાર્બોનેટેડ અને ગેર-કાર્બોનેટેડ પેય, રેડી-ટૂ-ઈટ નૂડલ્સ, પિત્ઝા, બર્ગર જેવા જંક ફૂડની ખપત અને ઉપલબ્ધતા સિમિત કરવાની છે. અને સ્વસ્થ્ય આહાર લેવાની જરૂરત પર જોર આપતા કહ્યું કે, ૧૦માંથી છ રોગ આહાર સંબંધિત હોય છે.તેમણે કહ્યું કે, જો આપણી પાસે સુરક્ષિત અને સ્વસ્થ્ય ભોજન છે અને આપણે ખુદને તંદુરસ્ત રાખીએ તો, મોટાભાગની બિમારીથી દૂર રહી શકીશુ. અગ્રવાલે સ્કુલમાં સુરક્ષિત, પૌષ્ટીક અને પૂર્ણ ભોજનને પ્રોત્સાહન આપવા માટે પાછળના કેટલાક વર્ષમાં એફએસએસએઆઈ દ્વારા કરવામાં આવેલી પહેલ પર પ્રકાશ નાખતા કહ્યું કે, આ અભિયાનને રાષ્ટ્રીય સ્તર પર લઈ જવાની આવશ્યકતા છે.

## મોન્ટી ચઢ્ઢાની દિલ્હી એરપોર્ટ પરથી ધરપકડ, વિદેશ ભાગવાની જતૈયારીમાં હતો

(એજન્સી) નવીદિલ્હી

દિલ્હી પોલીસની ઈકોનોમિક ઓફેન્સિવ વિંગે મનપ્રીત સિંહ ચઢ્ઢા ઉર્ફ મોન્ટી ચઢ્ઢાની છેતરપિંડી મામલે દિલ્હી એરપોર્ટ પરથી ધરપકડ કરી લીધી છે. મનપ્રીત પર ફ્લેટ ખરીદનારાઓ સાથે છેતરપિંડી કરવાનો આરોપ છે.પ્રાપ્ત માહિતી મુજબ, ઈઓડબ્લ્યુએ મનપ્રીતની બુધવારે રાત્રે નવી દિલ્હીના ઈન્દિરા ગાંધી એરપોર્ટ પરથી ધરપકડ કરી હતી. મનપ્રીત ફુકેત જવાની તૈયારીમાં હતો. ગુપ્ત માહીતીના આધારે પહેલાથી જ પોલીસને એલર્ટ પર રાખવામાં આવી હતી.પોલીસ પાસેથી મળેલી માહિતી મુજબ, આરોપી મનપ્રીત વિરુદ્ધ અનેક લોકોએ ફરિયાદ દાખલ કરી હતી કે તેણે અનેક બાંધકામ કંપનીઓ સ્થાપીને લોકો પાસેથી નાણાં લીધા અને ફ્લેટ આપવાના વયદા આપ્યા હતા જો કે તેણે વાયદા પ્રમાણે લોકોને ફ્લેટ આપ્યા નહતા. મનપ્રીત ચઢ્ઢા પર લગભગ ૧૦૦ કરોડની છેતરપિંડી કરવાનો આરોપ છે. કેટલાક લોકોએ જણાવ્યું હતું કે, ૧૧ વર્ષ બાદ પણ તેમને પ્લોટ મળ્યા નથી. ૨૦૧૨માં પિતા પોન્ટી ચઢ્ઢા અને કાકા હરદીપનું ફાયરિંગમાં મોત થયા બાદ મનપ્રીતે વ્યવસાયની જવાબદારી સંભાળી હતી.

# લોકાર્પણ

**તંત્રી મંથન......**

## પત્રકારની પીટાઈ : ભાજપ કરે તો લીલા... બીજા કોઈ કરે તો કેરેક્ટર લૂઝ....?!

લોકસભામાં રજુ થયેલા રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યુરો (એનસીઆરબી) ના રિપોર્ટ અનુસાર ૨૦૧૩થી અત્યાર સુધી માં દેશમાં પત્રકારો ઉપર સૌથી વધુ હુમલા ઉત્તર પ્રદેશમાં થયા છે. ૨૦૧૩ થી લઈને અત્યાર સુધી ઉત્તરપ્રદેશમાં પત્રકારો ઉપર હુમલા ના ૬૭ કેસ દાખલ થયા છે. બીજા નંબર પર ૫૦ ઘટનાઓ સાથે મધ્ય પ્રદેશ અને ત્રીજા સ્થાન પર ૨૨ હુમલાઓની સાથે બિહાર છે. આ સમય દરમ્યાન સમગ્ર દેશમાં પત્રકારો ઉપર હુમલાના ૧૯૦ મામલા સામે આવ્યા છે. યુપીમાં આજનિ સમયે ભાજપાની સરકાર છે અને યોગીજી પ્રદેશના વડા છે. એક ચેનલના પત્રકાર પ્રશાંત કનોજીયાએ યોગીજીનું કહેવાતું અપમાન કરવાના આરોપમાં જેલમાં નાખી દેવામાં આવ્યો. યુપી ના જ શામલીમા એક ઘટનાનું કવરેજ કરી રહેલા પત્રકારની પોલીસ દ્વારા પીટાઈ અને તેના મોઢા ઉપર પેશાબ કરવાની ઘટના સત્તાધારી પક્ષ ભાજપાને માટે નાનકડી હોઈ શકે છે. યોગી સરકારમાં જ એક ચેનલને તાળા લાગી ગયા કેમ કે તે લોકોનો અવાજ ઉઠાવી રહી હતી. ભાજપાના નેતાઓ અવાર નવાર ઈમરજન્સીની વાતો કરીને કોંગ્રેસની ટિપ્પણી કરતા રહ્યા છે. કોંગ્રેસ પણ કોઈ દૂધની ધોયેલી નથી તો ભાજપાના કમળ ઉપર પણ પત્રકારોને પીડા પહોંચાડવાનું અને મારપીટ કરવાનો દાગ લાગ્યો છે. પરંતુ ભાજપાની એવી નીતિ રહી છે કે હું કરું તો લીલા અને અન્ય કોઈ કરે તો સાલુ ચારિત્ર્ય ઢીલુ....! બંગાળમાં ભાજપાની એક મહિલા કાર્યકર્તાએ ત્યાના સીએમ મમતા બેનરજીનું પ્રિયંકા ચોપડા જેવું પુતળુ બનાવ્યું તો મમતા સરકારે તેને જેલમાં નાખી દીધી ત્યારે ભાજપાએ દેશભરમા મમતા દીદી ની વિરુદ્ધ હલ્લા ગુલ્લા-શોર બકોર મચાવી દીધો. દીદીને તાનાશાહ કહેવામાં આવ્યા. જ્યારે આવાજએક મામલામાં યોગી સરકારે પત્રકાર પ્રશાંત કનોડિયાને જેલમાં નાખ્યો. ત્યારે તો કોઈ ભા.જ.પા.ના નેતાએ યોગી સરકારને તાનાશાહ કહ્યું નહીં અને કહે તો પણ ક્યાં મોઢે થી કહે. ભા.જ.પા સરકારમાં પોલીસ કે તંત્ર પત્રકારોની પીટાઈ કરે તો ભાજપાને સારું લાગે છે પરંતુ જ્યારે કોઈ બિન ભાજપાની સરકાર ભાજપના કાર્યકર્તાને જેલમાં નાખે તો તે....? ઈમરજન્સીને આગળ કરીને પોતાની જાતને બચાવવી એ હવે આજના સોશિયલ મીડિયા અને નેટયુગમા સંભવ નથી. આજે તો તુરંત પ્રતિક્રીયા મળે છે. એક ચેનલના ફક્ત એટલા માટે તાળા લગાવી દઈને મજબૂર કરવાની કે સરકારની વિરુદ્ધ જનતાનો અવાજ ઉઠાવી રહી હતી....? શું ભાજપા સરકારમાં પોતાની ટીકા-ટિપ્પણી સાંભળવાની હિંમત નથી કે શું....? પોલીસ દ્વારા પત્રકારની પીટાઈનો વિડિયો જોવાથી ખબર પડે છે કે લોકશાહીમાં પોલીસને ચોથી જાગીર ઉપર કેટલો પ્રેમ છે....! આવી પીટાઈ કોઈ પત્રકારે પોલીસવાળાની કરી હોત તો યોગી સરકાર શું કરત.....? વિચારો ભાજપાના નેતાઓ અને દીદીની સરકાર પણ. ચોથી જાગીર કોઈને પસંદ નથી. મીડિયા- પ્રેસ સરકારની વાહવાહી કરવાને માટે નથી. તે પ્રજા અને સરકાર ની વચ્ચે એક કડી છે. જો આ કડી તૂટી જશે તો જનતા નો અવાજ સરકાર અને તંત્ર સુધી કોણ પહોંચાડશે...? બંગાળ સરકાર કરે તો કેલેક્ટર લુઝ અને ભાજપાની સરકાર કરે તો લીલા...! પત્રકાર ભાઈઓ અત્યારે પણ નથી જાગ્યા તો ઈમરજન્સીથી પણ ખરાબ હાલત થઈ શકે છે. સંગઠનમાં શક્તિ છે. ભાજપાની મોદીની તાકાત સંગઠન છે. મોદીજી એકલા કાઈ ન કરી શકે. એજ રીતે પત્રકાર-પ્રેસ કે મિડીયા એક થાય. આપણે બધા એક થઈશુ તો એક અને એક ૧૧ બનશે. યુપી ની સરકાર હોય કે મમતાની. પ્રેસ મીડિયા ઉપર હુમલો નિંદનીય છે. યોગીજીને આ અંગે કઈ કહેવાની હિંમત ભાજપાના કોઈ પણ નેતાઓમાં નથી તે એક કડવી સત્ય વાત છે. મીડિયા ખતરામાં છે એ જાણીને એવુ માનીને મિડીયા કર્મચારીઓ ચાલે અને બધા એક થાય તો કોઈપણ સરકાર મીડિયા અને હાથ લગાવવાની હિંમત નહીં કરે. કિસી ને ખુબ કહા હૈ- ઉઠ જાગ મુસાફિર ભોર ભઈ અબ રૈન કહા જો સોવત હૈ... સો સોવત હૈ વો ખોવત હૈ...!


કાગળ અને કલમનું કસબી એટલે....

લોકાર્પણ

આપના વ્યાપાર-ધંધાના વિકાસ માટે આકર્ષક દરે જાહેરાત આપી રાજ્યભરના તમામ જિલ્લાકક્ષાએ તેમજ તમામ તાલુકા કક્ષાએ, ઉપરાંત તમામ ગ્રામ્ય કક્ષાએ છેક છેવાડાના ગામડાંઓ સુધી પહોંચતાં લોકાર્પણ અખબારમાં આપી બહોળો ફેલાવો મેળવો. મૂળભૂત પાયાના પ્રશ્નો, લોકફરિયાદો, અસામાજિક તત્ત્વો દ્વારા થતી હેરાનગતિને વાચા આપવા લોકાર્પણ હંમેશા આપનું પોતીકું બની રહેશે. આપ આપના વિચારો, સૂચનો, મંતવ્યો નિઃસંકોચ મોકલી શકો છો. રમતગમત ક્ષેત્રે, શૈક્ષણિક ક્ષેત્રે, કલા ક્ષેત્રે, સમાજના ઉત્થાન માટે સિદ્ધિ હાંસલ કરો તો તેની વિગત તમારા પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે અમારા કાર્યાલયે મોકલી આપશો તો તેને યોગ્ય સ્થાન આપવામાં આવશે. અમારા આ પ્રયાસમાં તમારો સાથ સહકાર જરૂરી છે. આપ લેખો, કાવ્યો, કલાકૃતિઓ, વાર્તાઓ, સમાચારો કે ફોટાઓ પ્રસિદ્ધ કરાવવા ઈચ્છતા હોય તો અમારા કાર્યાલયને મોકલી આપવા.

**સ્પષ્ટતા :** લોકાર્પણને મોકલવામાં આવતી દરેક પ્રસિદ્ધિની વિગત કોઈની બદનક્ષી કરતી કે ઈર્ષાદ્વેષથી પ્રેરાઈને ન લખેલી હોવી જોઈએ. મોકલેલી વિગતોની સત્યતા માટે કંઈક આધાર-પુરાવો સાથે બીડવો જરૂરી છે. આમ છતાં પુરાવા વિના વિગત મોકલવામાં આવશે તો તેને પ્રસિદ્ધિ આપવામાં આવશે નહીં. અમને મોકલવામાં આવતી તમામ પ્રકારની પ્રસિદ્ધિની વિગતો સાથે જે તે મોકલનારનું સરનામું સહી સાથે જરૂરી છે.



**તંત્રી : ગૌરાંગ પંડ્યા**

**[M] 99099 69099**


# ધાનેરામાં પણ વાયુ વાવાઝોડાની અસર : ભારે પવન સાથે વરસાદ



**(પ્રતિનિધિ) ધાનેરા,**

વાયુ વાવાઝોડાની અસર બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં પણ જોવા મળી હતી. ભારે પવન સાથે વરસાદ વરસતા નીચાણવાળા અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા તો બીજી તરફ ખેડૂતોનો ઊભો પાક પણ ભારે પવનથી પડી જતા ખેડૂતો ના મોઢે આવેલો કોળિયો પણ છીનવાયો છે. ગુજરાતમાં વાયુ વાવાઝોડાને લઈ લોકોમાં ભારે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે ત્યારે વાયુ વાવાઝોડાને ને લઈ તંત્ર પણ સજ્જ બન્યુ છે અને કોઈ જાનહાનિ માલાની કે નુકસાન ન થાય તે માટે તંત્ર કામે લાગી ગયું છે અને લોકોને પણ સાવચેતીના ભાગરૂપે સ્થળાંતર કરાવી રહ્યું છે ત્યારે ગઈકાલે ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વાયુ વાવાઝોડાની અસર જોવા મળી હતી અને દરિયાકિનારાઓ પણ તોફાની બન્યા હતા ત્યારે ગત મોડી રાત્રે બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં પણ વાયુ વાવાઝોડાની અસર જોવા મળી હતી ભારે પવન સાથે વરસાદ વરસતા અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા ભારે પવન અને વરસાદને લઈ વિજળી પણ ગુલ થઈ હતી અને સમગ્ર ધાનેરા શહેરમાં અંધારપટ છવાયો હતો તે બાદ ભારે વરસાદ વરસતા ધાનેરાના કેટલાક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા તો બીજી તરફ ખેડૂતોના ઉભા પાક પણ ભારે પવન ને લઈ પડી જવા પામ્યા હતા અને બાજરીના પાકને મોટા પ્રમાણમાં નુકશાન થવા પામ્યું હતું ત્યારે ખેડૂતોની મહેનત પર પાણી ફરી વળતું જોવા મળ્યો હતો અને ખેડૂતોને મોઢે આવેલો કોળિયો છીનવાઈ જવા પામ્યો હતો વાવાઝોડાની અસર ધાનેરામાં જોવા તો મળી હતી પરંતુ અત્યાર સુધી કોઈ જાનહાની કે નુકસાનના સમાચાર સામે આવ્યા નથી.

# આપની આજ

- મેષ(અ.લ.ઈ.) :- પરોપકારની ભાવના પ્રબળ બનવાની ધાર્મિક કાર્યમાં સફળતા નોકરીમાં બદલીની શકયતા રહે.
- વૃષભ(બ.વ.ઉ.) :- ઈન્વેસ્ટમેનના પ્રશ્નોમાં સફળતા મલે કોર્ટ કેસના પ્રશ્નોમાં સમાધાનથી લાભ. આત્મવિશ્વાસ વધવાનો.
- મિથુન(ક.છ.ઘ.) :- કારકિર્દી યશસ્વી બનવાની નોકરીમાં કાર્યભાર રહે. મહેનતનું ફળ મલે. વિદેશના પ્રવાસની ઈચ્છા ફળવાની.
- કર્ક(ડ.હ.) :- તમારી અંગત જિંદગીની સમસ્યાની ચર્ચા પારકા સાથે કરવાથી જાળવજો. આત્મવિશ્વાસ વધારો. સફળતા મલશે.
- સિંહ(મ.ટ.) :- માન-સન્માન મેળવવા વધુ મહેનત કરવી પડશે. નવી ઓળખાણ બાબત તકેદારી રાખો. સમયનો વ્યય ન કરો.
- કન્યા(પ.ઠ.ણ.) :- મિત્રોનો સહકાર રહે. નોકરીમાં મનગમતી જગ્યા મલે. સંતાનોની પ્રગતિ માટે સારો દિવસ રહેશે.
- તુલા(ર.ત.) :- અચાનક મનગમતી વ્યકિતની મુલાકાત થવાની નોકરીમાં ચીવટ રાખવી રાજકીય લાભ મલવાનો.
- વૃશ્ચિક(ન.ય.) :- સરકારી કાર્યોમાં અનુકુળતા રહે. લાગણીઓને કાબુમાં રાખજો શેર સટ્ટામાં નિર્ણયો મહત્વના રહે.
- ધન(ભ.ધ.ફ.ઢ.) :- સ્વાસ્થયમાં સુધારો થાય દિવસ ઉત્સાહજનક રહે. સંસ્થામાં સારો હોદ્દો મેળવશો.
- મકર(ખ.જ.) :- નોંધપાત્ર સફળતા મલવાની. રહેણાકના મકાનમાં લકઝરી ફેરફાર થવાના.
- કુંભ(ગ.શ.સ.) :- ભાગીદારી ધંધાની ઈચ્છા ફળે. પરીવારના વડીલોનું માર્ગદર્શન લેજો. યાત્રા પ્રવાસમાં અનુકુળતા રહે.
- મીન(દ.ચ.ઝ.) :- લાંબા અંતરનો પ્રવાસ થાય, સંતાનો સાથે મહત્વની ચર્ચા થાય. શેર સટ્ટામાં અનુકુળતા.

# ઈન્ડિયન લાયન્સ - સ્વર્ણિમ ગાંધીનગર : રાષ્ટ્રભાવનાને વરેલી અનોખી કલબ

**(પ્રતિનિધિ) ગાંધીનગર,**

આત્મ સન્માન અને રાષ્ટ્રભાવના મંત્ર સાથે મૂર્તિમંત્ર થયેલી ઈન્ડિયન લાયન્સ એના પ્રારંભ બાદ ૨૫ વર્ષના પડાવને સર કરે છે, ૧૯૯૫ના ૨જી જુલાઈના રોજ વડોદરામાં સ્થપાયેલી ઈન્ડિયન લાયન્સનો મંત્ર છે - 'સ્વદેશી ભી હૈ, રાષ્ટ્રવાદી ભી હૈ, ઈન્ડિયન લાયન્સ ઈસ મિટ્ટી કી હૈ।' ઈતિહાસ અનોખો છે અંદાજ દમદાર છે વડોદરાના ઈન્ડિયન લાયન્સના અગ્રણીએ વિદેશી નાગચૂડમાંથી બહાર નીકળીને સ્વદેશી રાહે - સમાજને રાષ્ટ્ર સેવાનો મોકલવા કર્યો. ઈ.લા. કૌશિકભાઈ બુમિયોએ સૌ પ્રથમ આ ઉપક્રમની આગેવાની લીધી રાષ્ટ્ર સ્વમાની સાથીઓમાં સેવાકાર્યની જ્યોતને એમણે જવલંત બનાવી. આત્મ વિશ્વાસ અનોખો હતો સૌને થયું આ વાતને ઉપાડી લેવી અને પછી 'કારવા' બનતા ગયા. મૂળ મજબૂત થયાં શાખાઓ મ્હોરી ઊઠી. હાલનો માહોલ, મંજિલ ભણી જવાના માર્ગ પર છે. 'ઈ.લા.' (ઈન્ડિયન લાયન્સ) નું હુલામણું નામ સંસ્થાનો ટ્રેડમાર્ક બની ગયું. આજના નેશનલ ચેરમેન ઈ.લા. હિતેષભાઈ પંડ્યા (PRO-CM Office) નું માર્ગદર્શન 'ઈલા' (ઈન્ડિયન લાયન્સ) ની સોળે કળાની ખીલવણી માટે નિમિત્ત બન્યું છે. ખુશીની વાત છે કે, ગુજરાતભરમાં ઈન્ડિયન લાયન્સ - ઈન્ડિયન લાયોનેસ અને હવે ઈન્ડિયન લિઓ કલબ કાર્યરત બની ગઈ છે અને ૭૫ થી વધુ કલબ. આવનારું વર્ષ રજત વર્ષ તરીકે ઉજવવાનું નક્કી થાય છે. ત્યારે નેશનલ ફાઉન્ડેશન ડે (૨ જી જુલાઈએ) નેશનલ કોન્ફરન્સનું આયોજન ગાંધીનગર ખાતે થાય તેવી માહિતી નેશનલ કોન્ફરન્સ કન્વીનર ઈ.લા. અક્ષયભાઈ ઠક્કર તેમજ સ્વર્ણિમ ગાંધીનગર ઈન્ડિયન લાયન્સ કલબના પ્રમુખ રાધેશ્યામભાઈ યાદવ અને ઈ. લાયોનેશ પ્રમુખ ઈ. લાયોનેશ શિલ્પાબેન દેસાઈએ આપી છે. આ નેશનલ કોન્ફરન્સમાં ગાંધીનગર ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમના જ સભ્ય અને હાલના વાઈસ નેશનલ ચેરમેન ઈ. લાયન્સ આશાબેન હિતેષ પંડ્યા નેશનલ ચેરમેનનું પદગ્રહણ કરશે. ગુજરાતની ગૌરવનગરી ગાંધીનગરમાં જ્યારે આ અભિનવ અવસરોની ઉજવણી થવાની હોય ત્યારે ઈન્ડિયન લાયન્સના તમામ સભ્યોમાં ખુશીનો માહોલ સર્જાય એ સ્વાભાવિક છે. સેવાકાર્યના આ મહાયજ્ઞના વર્ષને રજત ફૂલડે વધાવવા સૌ આતુર છે ત્યારે વિગતવાર કાર્યક્રમ માટે ઈન્તેજાર કરીશું કે આ સંસ્થા તેના મૂળ ઉદ્દેશ્યો જેવા કે, સ્વચ્છ ભારત અભિયાન, સર્વશિક્ષા અભિયાન તથા સ્વાસ્થ્ય અભિયાનને પૂર્ણ ગતિએ પહોંચાડી નગરને સુંદર, સુસંસ્કૃત અને સ્વસ્થ રાખવા થનગની રહ્યું છે.

# જન્મના એક જ મહિનામાં જોડિયા બાળકો અનાથ બનાવવાનો નર્મદાનો અજબ કિસ્સો!

**(પ્રતિનિધિ) રાજપીપળા,**

વિધિની વિચિત્રતા કહો કે કરુણતા કહો નર્મદાના અતિ અતિ પછાત વિસ્તાર ઉંડાણના દેડિયાપાડા તાલુકાના ખુરદી ગામે ૧ માસ અને ૧૦ દિવસના બે જોડિયા બાળકોની માતાનું મૃત્યુ થતા બંને માસૂમ બાળકો અનાથ બની ગયા હતા. પિતાનું એક વર્ષ પહેલાં જ મૃત્યુ થયું હતું જ્યારે તેની માતાએ જોડિયા બાળકોને જન્મ આપ્યા પછી ૧ માસ અને ૧૦ દિવસ પછી માતાનુ મૃત્યુ થયું હતું, માતાના મૃત્યુથી માતાની છત્રછાયા ગુમાવી દેનાર બંને બાળકો એક માસમાં જ અનાથ થઈ ગયા હતા માતાના ધવન વગર બાળકને ઉછેરવાનું લગભગ અશક્ય હતું. પરિવારમાં એક માત્ર ૭૦ વર્ષના દાદા હતા અને તે પણ ભરૂચ રહેતા હોય તે પણ શારીરિક રીતે સક્ષમ ન હોય તેની જવાબદારી લેવાની દાદાએ ના પાડી દેતા અનાથ બનેલા માસૂમ બાળકોના જીવનબાગમાં અંધકાર છવાઈ ગયો હતો. સૌપ્રથમ વડોદરા તપાસ કરતા ત્યાં હાઉસફૂલ થઈ ગયું હોવાથી બાળકોને રાખવાની ના પાડી દેવાતા રાજપીપળા ખાતે બાળ સુરક્ષા અધિકારી ચેતન પરમારનો સંપર્ક કરતાં તેમણે રૂબરૂ ખુરદે પહોંચી જાત તપાસ કરી ભરૂચ અનાથાલાયનો સંપર્ક કરી ખુરદી પહોંચી દાદા પાસે વાલી હક વારસાનો દાવો ભવિષ્યમાં કોઈ ન રાખે તેવું એફિડેવિટ કરાવી જરૂરી કાયદાકીય પ્રક્રિયા કરાવી, આ બંને બાળકોને ભરૂચ અનાથા અનાથાશ્રમમાં મોકલી આપવામાં આવ્યા હતા.

# બેંક એકાઉન્ટ તથા અન્ય ડેટાબેઝ હેક કરતી નાઈઝિરિયન ગેંગ ઝડપાઈ

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

લોકોના બેંક એકાઉન્ટ, મોબાઈલ તેમજ અન્ય ડેટાબેઝ હેક કરી છેતરપિંડી કરતી નાઈઝિરિયન ગેંગની અમદાવાદ સાયબર ક્રાઈમની ટીમે મુંબઈથી ધરપકડ કરી છે. લોકોના પડાવેલા રૂપિયા વિવિધ બિટકોઈન વોલેટમાં ટ્રાન્સફર કરતા હતા ત્યાંથી અન્ય બિટકોઈન વોલેટમાં ટ્રાન્સફર કરી વિદેશ મોકલવામાં આવતા હતા. ગુજરાતના ૧૧ સહિત ભારતના અલગ-અલગ રાજ્યમાંથી કુલ ૪૭૨૭ લોકો સાથે ૧ કરોડથી વધુની છેતરપિંડી આચરી છે. અમદાવાદના ડોક્ટર તેજસ શાહના નેટબેંકીગ સર્વિસનો પાસવર્ડ રીસેટ કરી બેક એકાઉન્ટમાંથી રૂપિયા ૨.૧૦ લાખનું કોઈ અજાણી વ્યક્તિએ ટ્રાન્ઝેક્શન કરી ઉપાડી લીધા હોવાની ફરિયાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચમાં નોંધાઈ હતી. બાદમાં કેથોલીક સિરીયન બેંકમા તેજસ શાહના નામનું એકાઉન્ટ ખોલવામાં આવ્યું હતું. ૨૧ જૂન ૨૦૧૮નાં રોજ તેમના મોબાઈલમાં એક મેસેજ આવ્યો હતો જે ઈક્રમટેક્ષ ડિપાર્ટમેન્ટમાંથી આવ્યો હોવાનું માની તે લિંક ક્લિક કરી જેમાં ઈક્રમટેક્ષ વિભાગની વેબસાઈટ ઓપન થઈ હતી, જેમાં ફરિયાદીને રીફંડ ક્લેમ કરવા માટે પોતાના બેંક એકાઉન્ટની વિગત આપવાનું જણાવ્યું હતું.

# દુષ્કર્મ આધારિત 'આર્ટિકલ-૧૫' ફિલ્મ પર પ્રતિબંધ લગાવવા બ્રહ્મસમાજની માંગણી

**(પ્રતિનિધિ) વડોદરા,**

ઉત્તરપ્રદેશના બદાંયુ જિલ્લાના કટરા સઆદગંજ ગામ ખાતે બે બાળકીઓ પર ગેંગરેપ થયો હતો. આ ઘટના આધારિત આર્ટિકલ-૧૫ નામની ફિલ્મ બનાવવામાં આવી છે. જે ફિલ્મમાં બ્રાહ્મણોને બદનામ કરવામાં આવ્યા હોવાના આક્ષેપ સાથે તાત્કાલિક આ ફિલ્મ પર પ્રતિબંધ મૂકવાની માંગ સાથે રાષ્ટ્રીય પરશુરામ સેનાની વડોદરા શાખાએ વડોદરા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ હતું. રાષ્ટ્રીય પરશુરામ સેના અને




સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના કિરીટ જોષી વિશાલ દવે અને સનત પંડ્યા સહિતના અગ્રણીઓએ વડોદરા જિલ્લા કલેક્ટર શાલિની અગ્રવાલને આપવામાં આવેલા આવેદન પત્રમાં જણાવ્યું છે કે, ૨૭-૫-૦૧૪ના રોજ ઉત્તરપ્રદેશ રાજ્યના બદાંયુ જિલ્લાના કટરા સઆદગંજ ગામ ખાતે બે બાળકીઓ ઉપર સામુહિક દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. આ ઘટના આધારિત આર્ટીકલ-૧૫ નામની હિંદી ફિલ્મ બનાવવામાં આવી છે. આ ફિલ્મના રીલીઝ થયેલા ટ્રેલરમાં બ્રાહ્મણ સમાજ દ્વારા દલિત યુવતીઓ પર બળાત્કાર જેવા અત્યાચાર ગુજારવામાં આવે છે. તેવું દર્શાવવામાં આવ્યું છે. જ્યારે વાસ્તવિક ઘટનામાં પીડિતા દલિત નહીં, પરંતુ, મૌર્ય જાતીની હતી. અને આરોપી જે સાબિત થયા છે. તેઓ બ્રાહણો નહીં, પરંતુ યાદવ હતા. વધુમાં આવેદન પત્રમાં જણાવાયું છે કે, ફિલ્મમાં વાસ્તવિકતાને બદલીને પીડિત દલિત અને આરોપી બ્રાહ્ણણ બતાવીને બ્રાહ્મણ સમાજને બદનામ કરવાનું કાવતરું છે. જેથી આગામી તા.૨૮-૬-૦૧૯ના રોજ રિલીઝ થનારી આર્ટિકલ-૧૫ ફિલ્મ ઉપર પ્રતિબંધ મૂકવા માંગણી કરવામાં આવી છે.

# દક્ષિણ ગુજરાતમાં વીજળી પડતા વધુ ત્રણનાં મોત નીપજ્યાં

**(પ્રતિનિધિ) સુરત,**

'વાયુ' વાવાઝોડાનું ગુજરાત પરથી સંકટ ટળ્યું હોવાનું જાણવા મળ્યું છે. અને તેની સાથે ભારે પવન અને વરસાદની આગાહી કરવામાં આવી છે. જેને પગલે ગત રોજથી દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં વરસાદી માહોલ છવાયો છે. અને વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ વરસી રહ્યો છે. જેમાં વધુ ત્રણના વીજળી પડતા મોત થયા હોવાનું જાણવા મળ્યું છે. અત્યાર સુધીમાં દક્ષિણ ગુજરાતમાં ૬ના મોત નીપજ્યા છે. જ્યારે દક્ષિણ ગુજરાતના સુરત, વલસાડ, નવસારીમાં વરસાદ વરસ્યો હતો. ૧૩મી જૂને ગાંધીધામ - બાન્દ્રા ટર્મિનસ, બાન્દ્રા ટર્મિનસ - ગાંધીધામ એક્સપ્રેસ અને ભુજ - દાદર એક્સપ્રેસ તથા ૧૫મી જૂને દાદર - ભુજ એક્સપ્રેસ એમ ચાર ટ્રેનને રદ કરવામાં આવી છે. સોનગઢમાં ગ્રામ્ય વિસ્તારોમાં પણ ભારે પવન સાથે વરસાદ શરૂ થયો હોવાના જાણવા મળ્યું છે. ભારે પવન સાથેના વરસાદને કારણે બોરદા પંથકના ગામડાઓમાં છાપરા ઉડી જવાના અને વીજ થાંભલા તૂટી પડવાનું નોંધાયું છે. જ્યારે જૂની બાવલી ગામના માલુબહેન સુમનભાઈ કાથુડ (૪૫) રહે.જૂની બાવલી તા.સોનગઢ નામની મહિલા પર વીજળી પડતા મોત નીપજ્યું છે. ડાંગ જિલ્લામાં વીજળીના કડાકાભડાકા સાથે તોફાની પવન ફૂંકાતા અનેક ઘરો - વૃક્ષો, વીજપોલ ધરાશાયી થતા ગાઢવી ગામના માંગુભાઈ અવસુભાઈ ગાંવિતનો પાડો (ભેંસ) વીજપોલ તૂટી પડતા તેની ચપેટમાં આવી જતા મોત નીપજ્યું હતું, જ્યારે સુબીર તાલુકાના જામલ્યા ગામના મગનભાઈ વાઘમારે (ઉ.વ. ૫૦) પર આકાશી વીજળી પડતા તેમનું મોત નીપજ્યું હતું. વાપી નજીકના મોટી તંબાડીગામે દાજી ફળિયામાં રહેતા રાજેશ કિશનભાઈ વારલી અને તેમની પત્ની પ્રેમીલાબેન વરસાદ આવે એ પૂર્વે ઘરના છત ઉપર પ્લાસ્ટિક નાંખવા માટે ગયા હતા. જોકે, અચાનક જોરદાર પવનની સાથે વરસાદ તૂટી પડ્યો હતો અને કડાકા સાથે પડેલી વીજળી ૩૮ વર્ષીય પ્રેમીલાબેન ઉપર પડતા તેમનું ઘટના સ્થળ ઉપર જ મોત થયું હતું.

# વીજ કરંટથી ચાર ગૌવંશના મોત

**(પ્રતિનિધિ) વિસાવદર,**

ગુજરાત માથે વાયુ વાવાઝોડાનું સંકટ ટળ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ ગુજરાતના દરિયાકાંઠે વાયુ વાવાઝોડું નહીં ટકરાય. જોકે ગુજરાતના દરિયાકાંઠા ઉપર હજી પણ ખતરો મંડરાયેલો છે. વાવાઝોડાની અસરથી હજી સુધી કોઈ મોટી હોનારત થઈ નથી. જોકે, જૂનાગઢ જિલ્લાના વિસાવદરમાં વીજ કરંટ લાગતા ચાર ગૌવંશના મોત થયાની ઘટના બની છે. મળતી માહિતી પ્રમાણે વિસાવદરમાં કોર્ટ નજીક આવેલા ટ્રાન્શફર્મરમાંથી વીજ કરંટ લાગપસાર થતો હતો તે સમયે ત્રણ ગૌમાતા ટ્રાન્સફોર્મર નજીક આવી હતી. જેને અચાકન વીજ કરંટ લાગતા મોતને ભેટી હતી. જો ગાયત્રી પ્લોટ વિસ્તરામાં પણ એક ખુટનું વીજ કરંટ લાગવાથી મોત થયું હતું. ઘટનાની જાણ થતાં ગૌરક્ષક અને પીજીવીસીએલના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચીને આગળની કાર્યવાહી હાથધરી હતી. આ ઘટનામાં PGVCLની ઘોર બેદરકારી હોવાનું સ્થાનિકો આક્ષેપ કરી રહ્યા છે.

# દારૂબંધી વચ્ચે પાટનગરમાંથી અધધ દારૂ ઝડપાયો

**(પ્રતિનિધિ) ગાંધીનગર,**

ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર જ છે. રાજયભરમાં જોઈએ એટલો દારૂ દારૂડીયાઓને સરળતાથી મળી રહે છે. દારૂબંધીની વાતો વચ્ચે પાટનગરમાં ખુલ્લેઆમ દેશીદારૂના ભઠ્ઠીઓ ધમધમી રહ્યા છે. તો બીજી તરફ વિદેશી દારૂ પણ છુટો છવાયો વેચાઈ રહ્યો છે ત્યારે પોલીસ જરૂર પડે ત્યારે માત્ર એક બે કેસ દેશી અને વિદેશી દારૂના કરીનો કામ કર્યાનો સંતોષ માને છે. ત્યારે દારૂબંધીની કડક અમલવારી વચ્ચે પોલીસની ડ્રાઈવમાં પાટનગરમાંથી એટલો બધો દારૂ પકડાયો છે કે પોલીસ આંકડા આપતા પણ ખચકાટ અનુભવે છે. દારૂબંધીની વાતો વચ્ચે ડી.જી.પી.એ ડ્રાઈવ જાહેર કરી હતી અને સત્તાવાર રીતે સ્વીકાર્યું હતું કે દારૂબંધી તો માત્ર નામની જ રહી છે. તો બીજી બાજુ ગાંધીનગર પોલીસ ટીમે પણ ડીજીપીને બતાવવા માટે વિદેશી દારૂના ૧૧ અને દેશીદારૂના ૧૪૨ કેસ કર્યા છે. ત્યારબાદ પોલીસને મોડે મોડે જ્ઞાન થયું કે દારૂ બંધી કડક કાર્યવાહી સામે આટલો બધો દારૂ પકડાય એ તો ખરેખર તંત્રની નિષ્ફળતા કહેવાય. એટલે હવે પોલીસને કેટલો દારૂ પકડાયો છે તેનાઆંકડા જાહેર કરવા નથી. જિલ્લા પોલીસ તંત્રએ એક વિભાગથી બીજા વિભાગને આંકડા માટે આંગળી ચીંધી હતી. જિલ્લા કંટ્રોલ રૂમ દ્વારા બધી વિગતો સ્ટેટ કંટ્રોલ રૂમ પાસે હોવાનું કહેવાય છે. તો શુ સ્ટેટ કંટ્રોલ રૂમ પાસે જિલ્લા પોલીસની ડ્રાઈવના આંકડા નહી હોય.?!

લોકાર્પણ (દૈનિક)



# ક્યાંક એમ્બ્યુલન્સમાં પ્રસૂતિ તો ક્યાંક ગર્ભવતી માતાને બોટમાં લાવવામાં આવી

(પ્રતિનિધિ) જૂનાગઢ

ગુજરાતીઓ માટે સૌથી રાહતના સમાચાર આવ્યાં છે કે વાયુ વાવાઝોડાની અસર ઓછી થશે. સૌરાષ્ટ્રના દરિયાકાંઠા તરફ આવનારુ આ વાવાઝોડું હવે દિશા બદલીને ઓમાન તરફ ફંટાઈ રહ્યું છે. રાજ્યમાં પ્રસરેલી ભયજનક સ્થિતિમાં પણ જૂનાગઢ અને અમરેલી જિલ્લામાંથી સારા સમાચાર આવી રહ્યાં છે.ઈમરજન્સીમાં જૂનાગઢ જિલ્લાનાં માલિયા વિસ્તારમાં એક મહિલાની પ્રસૂતી ૧૦૮ની એમ્બ્યુલન્સમાં કરવામાં આવી હતી. મળતી માહિતી પ્રમાણે હાલ માતા અને બાળકની તબિયત સારી છે. આ ઊપરાંત અમરેલીમાં પણ સાત મહિનાની ગર્ભવતી મહિલાને પ્રીમેચ્યોર પ્રસૂતી દર્દ ઉપડતા પ્રસૂતી કરવાની જરૂર પડી હતી. મહિલાને દર્દ ઉપડતા એનડીઆરએફની ટીમે ભારે જહેમત ઉઠાવીને બોટમાં સિયાલબેટ મેડિકલ સેન્ટરમાં લાવવામાં આવી હતી. આ મહિલાને પ્રસૂતી માટે લઈ જવામાં આવી છે.આ પહેલા પણ ભાવનગરમાં આવો જ કિસ્સો સામે આવ્યો હતો. ત્યાંનાં કલેક્ટરે ટ્વિટ કરીને જણાવ્યું છે કે ગઈકાલે રાતે ૧૨.૩૦ કલાકે ૧૫ ગર્ભવતી મહિલાઓને વાયુ વાવાઝોડાનાં કારણે શિફ્ટ કરવામાં આવી હતી. જેમાંથી ૪ પ્રસૂતિ થઈ છે જે સફળ રહી છે. બાળકો અને માતાની તબિયત સારી છે.હવામાન વિભાગના મનોરમા મોહંતીએ જણાવ્યું કે, વાયુ વાવાઝોડાના કારણે દીવ, ગીર સોમનાથ, જૂનાગઢ, પોરબંદર અને દ્વારકાના દરિયાકાંઠા વિસ્તારોમાં બપોરે ૧૩૫થી ૧૬૦ કિમીની ઝડપે પવન સાથે ભારેથી અતિભારે વરસાદની આગાહી છે.

# છત્તીસગઢમાં અદાણીને માઈનિંગ કોન્ટ્રાક્ટ વિરુદ્ધ આદિવાસીઓનું વિરોધ પ્રદર્શન

## લોકોના વધતા વિરોધને પગલે છત્તિસગઢ સરકારે હાલ ખાણકામ પર પ્રતિબંધ લગાવી દીધો

(એજન્સી) દંતેવાડા

છત્તિસગઢના દંતેવાડામાં અદાણી ગ્રુપને મળેલા ખાણના કોન્ટ્રાક્ટ વિરુદ્ધ સ્થાનિક આદિવાસી લોકોનો ગુસ્સો હવે બહાર આવી રહ્યો છે. લોકોએ આ વિસ્તારમાં વિરોધ પ્રદર્શન શરુ કરી દીધું છે. લોકોના વધતા વિરોધને પગલે છત્તિસગઢ સરકારે હાલ ખાણકામ પર પ્રતિબંધ લગાવી દીધો છે. અદાણી ગ્રુપની કંપની અદાણી એન્ટરપ્રાઈઝ લિમિટેડને દાંતેવાડાના બેલાદિલાના પહાડોમાં ખાણકામનો કોન્ટ્રાક્ટ મળ્યો હતો. આ પહાડોમાં મોટી પ્રમાણમાં આયર્ન ઓર હોવાની વાત કહેવામાં આવી રહી છે. પરંતુ છત્તીસગઢના આદિવાસી સમુદાય માટે બેલાદિલાના પર્વતો આસ્થાનો વિષય છે અને આદિવાસી સમાજ આ પર્વતોની પૂજા કરે છે. આ જ કારણ છે કે, આદિવાસી સમુદાયના લોકો માઈનિંગ કોન્ટ્રાક્ટનો વિરોધ શરુ કરી દીધો છે. કિરાનદુલમાં સ્થિત એનએમડીસી લિમિટેડના પરિસરમાં હજારોની સંખ્યામાં આદિવાસીઓ વિરોધ પ્રદર્શન માટે એકઠા થયાં છે. આ વિરોધ પ્રદર્શન સંયુક્ત પંચાયત જન સંઘર્ષ સમિતિના નેજા હેઠળ કરવામાં આવી રહ્યું છે. દાંતેવાડા, સુકમા અને બીજાપુર સહિત અનેક સ્થળો પરથી લોકો પ્રદર્શન સ્થળ પર પહોંચી રહ્યાં છે.મંગળવારે કોંગ્રેસના નેતાઓ અને આદિવાસી સમાજના સભ્યોએ સીએમ ભૂપેશ બઘેલ સાથે મુલાકાત કરી હતી. મુલાકાત પછી ભૂપેસ બઘેલે બેલાદિલાના પર્વતો પર ખાણકામને હાલ પુરતો પ્રતિબંધ લગાવી દીધો છે. સીએમ ભૂપેશ બઘેલે કહ્યું કે, ખાણકામને વર્ષ ૨૦૧૪માં ગ્રામસભામાંથી મળેલા અનાપત્તિ પ્રમાણ પત્રની પણ તપાસ કરવામાં આવશે. આદિવાસીઓનું કહેવું છે કે, અમારા માટે આ પર્વતો પિથોરમેતા છે, જેને પિથોર રાણી પણ કહેવામાં આવે છે. આ આદિવાસીઓની દેવી છે. બેલાદિલાના પર્વતોમાં છેલ્લા લાંબા સમયથી ખાણકામ કરવામાં આવી રહ્યુ છે, પરંતુ ડિપોઝિટ ૧૩ માં અનેક મિલિયન ટન આર્યન ઓર હોવાની સંભાવના છે. આ જ કારણે આ પર્વતોને એનસીએલ એ ખાણકામ માટે વિકસિત કર્યા છે. પર્વતોને ગ્રામ સભામાંથી અનાપત્તિ પત્ર મળવા સામે લોકો સવાલો ઉભા કરી રહ્યાં છે, અને આને બોગસ ગણાવી રહ્યાં છે. હાલમાં સરકારે આ મામલે તપાસ શરુ કરી છે.અદાણીનું કહેવું છે કે, અનાપત્તિ પત્ર મેળવવામાં તેમની કોઈ ભૂમિકા નથી. કંપનીએ ગત વર્ષે ડિસેમ્બરમાં ખાણકામનો કોન્ટ્રાક્ટ લીધો હતો.

# ૩૭ તાલુકાઓમાં અડધાથી બે ઇંચ જેટલો વરસાદ : વાયુ વાવાઝોડાની અસર

## સિદ્ધપુરમાં ૪૫ મી.મી., અને પ્રાંતિજમાં ૪૩ મી.મી. વરસાદ, ૨૮ જિલ્લાઓના ૧૦૮ તાલુકાઓમાં વરસાદી માહોલ

(પ્રતિનિધિ) ગાંધીનગર

ગુજરાતમાં વાયુ વાવાઝોડાની અસરને કારણે ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં સવારે ૬ વાગ્યાથી સાંજના ૪ વાગ્યા સુધીમાં ૭૧ તાલુકામાં વરસાદ પડ્યો છે. વાયુની અસરને પગલે ભાવનગરમાં સૌથી વધારે ૨ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. રાજ્યના કુલ ૧૦૮ તાલુકાઓ એવા છે જ્યાં વરસાદની ઝલક જોવા મળી છે. રાજયના ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યા મુજબ આજે સવારે ૮.૦૦ વાગે પુરા થતા ૨૪ કલાક દરમિયાન રાજયના ૨૮ જિલ્લાઓના ૧૦૮ તાલુકામાં હળવા ઝાપટાથી લઈ બે ઈંચ સુધીનો વરસાદ વરસ્યો હતો. વરસાદની જિલ્લાવાર માહિતી જોઈએ તો પાટણ જિલ્લાના સિદ્ધપુરમાં ૪૫, સરસ્વતી તથા હારિજમાં ૧૬, પાટણમાં ૧૮, બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં ૩૩, પાલનપુરમાં ૧૭, દિયોદરમાં ૧૪, દાંતા અને ડિસામાં ૧૨-૧૨ મી.મી. વરસાદ પડ્યો હતો.સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં ૪૩, હિંમતનગરમાં ૩૪, ઈડરમાં ૨૨, ખેડબ્રહ્માામાં ૨૧, તલોદમાં ૨૧, વડાલીમાં ૧૮ ૧૬ મી.મી. વરસાદ પડ્યો છે. મહેસાણા જિલ્લાના વિજાપુરમાં ૩૮, વિસનગરમાં ૩૬, વડનગરમાં ૨૧, મહેસાણામાં ૨૨ અને ઊંઝામાં ૧૧ મી.મી. વરસાદ પડ્યો છે. અરવલ્લી જિલ્લાના બાયડમાં ૩૩ મી.મી. વરસાદ નોંધાયો છે. ગાંધીનગર જિલ્લાના માણસામાં ૩૩ અને કલોલમાં ૨૪ મી.મી. વરસાદ નોંધાયો છે.સૌરાષ્ટ્રમાં પણ વાવાઝોડાની અસર જોવા મળી હતી. જેમાં કચ્છ જિલ્લાના લખપતમાં ૧૬ મી.મી., દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુરમાં ૨૫ મી.મી., જૂનાગઢ જિલ્લાના વિસાવદરમાં ૧૨ મી.મી., ભાવનગર જિલ્લાના જેસરમાં ૨૦ મી.મી., અમરેલી જિલ્લાના જાફરાબાદમાં ૨૫ મી.મી., ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકામાં ૧૪ મી.મી, પોરબંદર જિલ્લાના રાણાવાવમાં ૧૨ મી.મી., રાજકોટ જિલ્લાના ધોરાજીમાં ૧૧ મી.મી. તથા જામનગર તાલુકામાં ૨૬ મી.મી. વરસાદ નોંધાયો છે.મધ્ય તથા દક્ષિણ ગુજરાતની વરસાદની સ્થિતિ વિશે વાત કરવામાં આવે તો ખેડા જિલ્લાના કઠલાલમાં ૧૩ મી.મી., તાપી જિલ્લાના ઉચ્છલમાં ૨૭ મી.મી. અને સોનગઢમાં ૧૫ મી.મી., જ્યારે ડાંગ જિલ્લાના આહવા તાલુકામાં ૩૮ મી.મી. વરસાદ વરસ્યો હતો.

# દીકરાની ફીના નાણાં પરત નહીં કરી શકતા પરિવારે આત્મહત્યા કરી

(એજન્સી) નાગાપટ્ટનમ

તમિલનાડુના નાગાપટ્ટનમ જિલ્લામાં એક દુઃખદ ઘટના ઘટી છે. જિલ્લાના વેલિપાયમ વિસ્તારમાં એક દંપતિ પોતાના ૧૧ વર્ષના દીકરા સાથે રહેતું હતું. બુધવારે તે તમામના મૃતદેહો તેમના ઘરમાંથી પ્રાપ્ત કરાયા હતા. મૃતકના એક પરિવારજને દાવો કરતા કહ્યું કે બાળકની સ્કૂલ ફી જમા કરાવવા માટે તેણે પૈસા ઉધાર લીધા હતા પરંતુ તે પૈસા પરત નહીં કરી શકવાના કારણે તેમણે તણાવમાં આવીને આત્મહત્યા કરી લીધી છે. મૃતકની ઓળખ ૩૫ વર્ષીય સેંથિલ કુમાર તરીકે થઈ છે. પોલીસે જણાવ્યું કે, સેંથિલ સોનીનો ધંધો કરી ઘરનું ગુજરાન ચલાવતો હતો. તેના મિત્રએ તેને અનેક વખત ફોન કર્યા પરંતુ જ્યારે તેણે તેના એક પણ ફોનનો જવાબ ન આપ્યો ત્યારે તે તેનાં ઘરે આવી પહોંચ્યો હતો. ઘરમાં ત્રણેયના મૃતદેહ જોતા તેના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. તેણે તાત્કાલિક ધોરણે પોલીસને આ ઘટનાની જાણ કરી હતી. સેંથિલના મિત્રએ જણાવ્યું કે તેના દીકરાની સ્કૂલ ફી ભરવા માટે તેણે ઘણા લોકો પાસેથી ઉધાર પૈસા લીધા હતા. પરંતુ લોકો પાસેથી લીધેલા નાણા પરત નહીં કરી શકવાના કારણે તે પતિ-પત્ની બંને સતત તણાવમાં રહેતા હતા. આ વર્ષે દીકરાની ફી જમા કરવા માટે તેને કોઈ પાસેથી ઉધાર પૈસા નહતા મળી રહ્યા. બાળકનો મૃતદેહ સ્કૂલ ડ્રેસ પહેરેલી સ્થિતિમાં જ મળી આવ્યો હતો. ત્રણેયના મૃતદેહને પોસ્ટમોર્ટમ કરવા માટે મોકલી અપાયા છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે પરિવારે ખોરાકમાં ઝેર ભેળવીને ભોજન ગ્રહણ કર્યું હતું. જોકે, પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવવાનો હજી બાકી છે. પોલીસે કેસ દાખલ કરીને મામલાની તપાસ શરૂ કરી દીધી છે. સેંથિલ કુમારના ઘરમાંથી પોલીસને હજી સુધી કોઈ સુસાઈડ નોટ પ્રાપ્ત થઈ નથી.

# વાયુસેનાના વિમાન એએન-૩૨ના કાટમાળ પાસે બચાવ ટીમ પહોંચી, ૧૩માંથી કોઈ બચ્યું નહીં

## ૧૫ સભ્યોની બચાવ ટુકડીને હેલિડ્રોપ કરી વાયુસેનાના દુર્ઘટનાગ્રસ્ત વિમાન સુધી પહોંચાડાઈ

(એજન્સી) નવીદિલ્હી

અરુણાચલના સિયાંગ જિલ્લામાં ભારતીય વાયુસેનાના દુર્ઘટનાગ્રસ્ત માલવાહક વિમાન એએન-૩૨માં સવાર વાયુસેનાના તમામ ૧૩ જવાનોના મોત થયા છે. મંગળવારે વિમાનનો કાટમાળ મળ્યા બાદ ત્યાં સુધી પહોંચેલા બચાવ દળે આ અંગેની પુષ્ટિ કરી છે. આ દુઃખદ દુર્ઘટનામાં મરેલા તમામ લોકોના પરિવારોને આ અંગેની જાણ કરવામાં આવી છે. ૧૫ સભ્યો સાથેનું બચાવ દળ સવારે વિમાનના કાટમાળ સુધી પહોંચ્યું હતું. કાટમાળની તપાસ કરતા વિમાનમાં સવાર એકપણ વ્યકતિ જીવીત મળી નહતી.બુધવારે ૧૫ સભ્યોની બચાવ ટુકડીને હેલિડ્રોપ કરવામાં આવ્યા હતા. જેમાં એરફોર્સ, આર્મીના જવાનો તેમજ પર્વતારોહકોનો સમાવેશ થતો હતો. બચાવ ટુકડીને એરલિફ્ટ કરીને વિમાનના કાટમાળ નજીક લઈ જવામાં આવ્યા અને ત્યાં ઉતારવામાં આવ્યા હતા. મંગળવારે આઠ દિવસથી ગુમ થયેલા વાયુસેનાના વિમાનનો કાટમાળ મળી આવ્યો હોવાના અહેવાલ પ્રાપ્ત થયા હતા. વાયુસેનાના વિમાનનો કાટમાળ અરુણાચલના સિયાંગ જિલ્લામાંથી મળ્યો હતો. દુર્ઘટના સ્થળ ઘણું ઊંચાઈએ હોવાથી તેમજ ગીચ જંગલને પગલે કાટમાળ સુધી બચાવ ટુકડીને પહોંચવું પડકારરૂપ હતું.બચાવ ટુકડીને ત્યાં પહોંચવા માટે ઘણી મુશ્કેલી પડી હતી. વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા પૈકી ૬ અધિકારીઓ અને ૭ એરમેન હતા. ઈસ્ટ અરુણાચલનો પર્વતિય વિસ્તાર ઘણો રહસ્યમય માનવામાં આવે છે અને બીજા વિશ્વ યુદ્ધ વખત દુર્ઘટનાગ્રસ્ત થયેલા વિમાનોનો કાટમાળ મળી અનેક વખત મળી આવે છે. વાયુસેનાનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું તે સ્થળ ૧૨ હજાર ફૂટની ઊંચાઈએ આવેલું છે.રશિયન બનાવટના વિમાને ૩જી જૂનના રોજ આસામના જોરહાટથી ચીન સરહદ નજીકના મેનચુકા જઈ રહ્યું હતું. ઉડાનના અડધો કલાકમાં જ વિમાનો સંપર્ક છૂટી ગયો હતો. વિમાનમાં સવાર વિંગ કમાન્ડર જી એમ ચાર્લ્સ, સ્કૉડ્રન લીડર એચ વિનોદ, ફ્લાઈટ લેફ્ટનન્ટ એલ આર થાપા, એમકે ગર્ગ, આશિષ તનવર અને સુમિત મોહન્તી, વોરન્ટ ઓફિસર કે કે મિશ્રા, સાર્જન્ટ અનૂપ કુમાર, એરમેન એસ કે સિંહ, પંકજ તેમજ સાથી રાજેશ કુમાર અને પુતાલીના મોત થયા હોવાનું એરફોર્સે જણાવ્યું હતું.

# પોરબંદર : ભારે પવનથી દરિયામાં તૂટી પડી ભૂતેશ્વર મહાદેવની દિવાલ

(પ્રતિનિધિ) પોરબંદર

સૌરાષ્ટ્રના માથા પરથી મોટુ સંકળ ટળ્યું છે, વાયુ વાવાઝોડું ઓમાન તરફ ફંટાતા હવે તંત્રએ રાહતનો શ્વાસ તો લીધો છે. જોકે, પવન અને ભારે વરસાદ સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોને ધમરોળી રહ્યા છે. તો ભારે પવનને કારણે દરિયા કાંઠે ઘણુ નુકશાન થઈ રહ્યું છે. પોરબંદરમાં દરિયા કાંઠે આવેલ ભૂતેશ્વર મહાદેવનું મંદિર તૂટ્યું છે.પ્રાપ્ત માહિતી અનુસાર, પોરબંદર દરિયા કિનારે ભારે બપોરે ૧૨ વાગ્યા બાદ ભારે પવન ફૂંકાવાની શરૂઆત થઈ હતી. પવનની ગતિ ૭૦ કિલોમીટર પ્રતિ કલાકની સ્પીડે પહોંચી ગઈ હતી. ત્યાર બાદ પવનનો વેગ વધતો ગયો હતો. પણ ભારે પવનને કારણે દરિયા કાંઠે આવેલ ભૂતેશ્વર મહાદેવનો મોટો હિસ્સો તૂટીને દરિયામાં પડ્યો હતો. જેને હટાવવાની કામગીરી તાત્કાલિક અસરે શરૂ કરાઈ હતી. તો બીજી તરફ, વાયુ વાવાઝોડાને લઈને પોરબંદરના દરિયા કિનારે મોજા વધુ ઊંચે ઉછળ્યાં હતા. માધવપુર બંદર ખાતે હોડી ખેંચવાનાં ૧૦ મશીન અને ૨ હોડીઓ તૂટી પડી, ભારે પવનને કારણે માછીમારો ચિંતામાં મૂકાયા છે.દીવમાં પણ કેટલીક જગ્યાઓએ નુકશાન થયું છે. દીવના ફેમસ નાગવા બીચ પર ટેન્ટ સિટી ભારે પવનને કારણે ધરાશાયી થયો છે. તો દરિયામાં ઉઠેલ કરંટને કારણે રોડ પરની પ્રોટેક્શન વૉલ ધરાશાયી થઈ હતી. દીવના ફેમસ ગંગેશ્વર ટેમ્પલ પાસેની દીવાલો ધરાશાયી થઈ છે.

# અમદાવાદનાં વાતાવરણમાં પલટો, અનેક વિસ્તારોમાં હળવા વરસાદી ઝાપટા

## બાયડ, મોડાસા, પાટણ, પાલનપુર, અંબાજી, હિંમતનગર, શામળાજી, મહેસાણા સહિત અનેક વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ પડ્યો

(પ્રતિનિધિ) અમદાવાદ

વાયુ વાવાઝોડાને કારણે રાજ્યભરનાં વાતાવરણમાં પલટો આવ્યો છે. દરિયાકાંઠાનાં વિસ્તારઓમાં પવન સાથે વરસાદ પડી રહ્યો છે ત્યારે અમદાવાદમાં પણ વાદળછાયું વાતારણ થતાં વરસાદી માહોલ સર્જાયો છે. શહેરનાં અનેક વિસ્તારોમાં હળવા છાટાં પડ્યાં છે. શહેરવાસીઓએ કાળઝાળ ગરમીમાંથી રાહત મેળવીને હાશકારો અનુભવ્યો છે. મહત્વનું છે કે ગઈકાલ સવારથી જ શહેરમાં વાદળછાયું વાતાવરણનો માહોલ સર્જાયો છે.વાયુ વાવાઝોડાની સતર્કતાને પગલે અમદાવાદ કોર્પોરેશને પણ પાલડી ખાતે કંટ્રોલ રૂમ શરૂ કર્યો છે. આ ઉપરાંત સતર્કતાના ભાગરૂપે દરેક ઝોનમાં પણ કંટ્રોલ રૂમ શરૂ કરીને ફાયરના સ્ટાફની રજાને રદ કરાઈ છે. આ ઉપરાંત અમદાવાદ શહેરના ભયજનક હોર્ડિંગ્સને દૂર કરાયા છે.અમદાવાદમાં બે જગ્યાએ ઝાડ પડવાની ઘટનાઓ સામે આવી હતી. વસ્ત્રાપુર મેનેજમેન્ટ એનકલેવ પાસે એક ગાડી પર ઝાડ પડ્યું હતું જ્યારે અમરાઈવાડી ગુલાબનગર વિસ્તારમાં પણ એક ઝાડ પડ્યું. બંને જગ્યાએ ફાયરની ટીમોએ કામગીરી શરૂ કરી દીધી હતી.નોંધનીય છે કે ઉત્તર ગુજરાતમાં પાટણ અને મહેસાણામાં પણ વરસાદ પડ્યો હતો. નર્મદા જિલ્લાના સાગબારા અને દેડિયાપાડા તાલુકામાં ૫૦થી વધુ ગામોમાં વીજળી ગૂલ થઈ ગઈ હતી. સાગબારા હાઈવે પર વૃક્ષો તૂટી પડતાં બે કલાક સુધી ચકકાજામ રહ્યો હતો. બાયડ, મોડાસા, પાટણ, પાલનપુર, અંબાજી, હિમંતનગર, શામળાજી, મહેસાણા સહિત અનેક વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ પડ્યો હતો. મહેસાણામાં અનેક વિસ્તારોમાં વીજળી ડૂલ થઈ જતાં શહેરમાં અંધારાપટ છવાઈ ગયું છે.મેયર બીજલ પટેલે જણાવ્યું હતું કે, અમદાવાદ શહેર વાવાઝોડા દરમિયાન સર્જાનારી સ્થિતિનો સામનો કરવા માટે સજ્જ છે. કોઈ પણ આપત્તિને પહોંચી વળવા માટે ફાયરબ્રિગેડ, બગીચા ખાતું, ટોરેન્ટ પાવરના કર્મચારીઓ સહિતની ૫૫૦ કર્મચારીઓ ગુરુવારે સ્ટેન્ડ ટુ રાખવામાં આવ્યા છે. ફાયરબ્રિગેડના ચીફ ફાયર ઓફિસર એફ. એમ. દસ્તૂરે જણાવ્યું હતું કે, અમદાવાદ ફાયર બ્રિગેડ પાસે ૪૭ વૂડ- ચેઈન કટર, ૪૮ મેટલ કટર મશીન, લાઈફ જેકેટ સાથેની ૮ બોટ તૈયાર છે. કોઈ પણ સ્થિતિમાં ફાયર બ્રિગેડ પહોંચી વળશે.

# ભારત અવકાશમાં પોતાનું સ્પેસ સ્ટેશન સ્થાપશે : ઈસરો પ્રમુખ

(એજન્સી) નવીદિલ્હી

ભારત ચંદ્રયાન-૨ બાદ હવે અવકાશ ક્ષેત્રે મહાશક્તિ બનવા તરફ નજર દોડાવી રહ્યું છે. ભારત આગામી ટૂંક સમયમાં અવકાશમાં પોતાનું સ્પેશ સ્ટેશન સ્થાપશે તેમ ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો)ના વડા કે સિવને જણાવ્યું છે.આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટ ગગનયાન મિશનના વિસ્તરણના ભાગરૂપે હાથ ધરાશે તેમ તેમણે જણાવ્યું હતું. ‘અવકાશમાં સમાનવ રોકેટ મોકલ્યા બાદ ગગનયાન કાર્યક્રમને ટકાવી રાખવો જરૂરી છે. જેના ભાગરૂપે ભારત પોતાનું અલગ સ્પેસ સ્ટેશન સ્થાપશે,’ તેમ સિવને જણાવ્યું હતું.ઈસરોએ ૧૫મી જુલાઈના મિશન ચંદ્રયાન-૨ને લોન્ચ કરવાની જાહેરાત કરી છે. ત્યારબાદ હવે ઈસરો આગામી સમયમાં સૂર્ય અને શુક્ર સુધી પહોંચવા પણ વિચારણા કરી રહ્યું છે. મિશન ચંદ્રયાનનો ખર્ચ રૂ. ૧૦,૦૦૦ કરોડ જેટલો થશે. ભારતના મહત્વકાંક્ષી સ્પેસ પ્રોજેક્ટની લઈને દેશવાસીઓમાં ઉત્સાહ જોવા મળે છે. ઈસરોના વડાએ ભાવિ યોજનાઓ વિશે જણાવતા કહ્યું કે, સંસ્થા હવે સૂર્ય અને વિનસ (શુક્ર) જેવા ગ્રહો સુધી પહોંચવાનું લક્ષ્ય ધરાવે છે.ચંદ્રયાન-૨ વિશે સિવને જણાવ્યું કે ૧૫ જુલાઈના સવારે બે કલાકે મિશન લોન્ચ થશે. મિશનમાં ૨-૩ ક્રૂ સભ્યો હશે.

# વાયુ વાવાઝોડાની અસરે રાજયના ૪૪૫ ગામોમાં હજી વીજ પુરવઠો ખોરવાયો

(પ્રતિનિધિ) ગાંધીનગર

વાયુ વાવાઝોડું ગુજરાતથી દૂર જતું જાય છે પરંતુ તેની અસર હજી વર્તાઈ રહી છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે પવન ફૂંકાઈ રહ્યા છે. જેના કારણે વૃક્ષો, વિજળીના થાંભલા ધરાશાયી થયા છે. જેના કારણે રાજ્યના ૪૪૫ ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો છે.મળતી માહિતી પ્રમાણે ભારે પવનના કારણ વીજ થાંભલા જમીનદોસ્ત થયા હતા. આમ ગુજરાત રાજ્યના ૪૪૫ ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો છે. રાજ્યના ૮૪૦ ફીડર બંધ છે તો ૮૩૬ વીજ થાંભલા ક્ષતિગ્રસ્ત થયા છે. સાથે સાથે ૭૦ટ્રાન્સફોર્મર બંધ હાલતમાં છે. જેના કારણે હજારો લોકોને અસર પહોંચી છે.વાયુ વાવાઝોડાની દિશા ફંટાયા બાદ ગુજરાત માટે આંશિક રાહત થઈ છે. પણ હવામાન વિભાગે જણાવ્યું છે કે, દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે વરસાદ અને પવન ફૂંકાશે તેથી અસરગ્રસ્ત વિસ્તારોના લોકોને તકેદારી રાખવાની સલાહ આપવામાં આવી છે. બપોર બાદ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના દરિયા કાંઠા વિસ્તારોમાં પવન સાથે વરસાદ નોંધાયો છે.આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી સાથે ટેલિફોનિક ચર્ચા કરી કેન્દ્ર સરકાર તરફથી પૂરતી સહાય આપવાની બાંહેધરી આપી છે. રાજ્યમાં સ્થિતિ થાળે પાડવા માટે વહિવટી તંત્રની સાથોસાથ એનડીઆરએફની ટીમો કાર્યરત છે. હવામાન વિભાગે જણાવ્યું કે, વાયુ વાવાઝોડું ગુજરાતના દરિયાકાંઠાથી દૂર ફંટાતું જાય છે. હવામાન વિભાગના આંકડાઓ મુજબ વાવાઝોડું સવારે વેરાવળથી ૧૧૦ કિમી દૂર હતું જે બપોરના ૨.૩૦ વાગ્યા સુધીમાં ૧૩૦ કિમી દૂર થઈ ગયું છે. પોરબંદરથી વાવાઝોડું ૧૩૦ કિમી દૂર છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી ત્રણ કલાક સુધી દરિયાકાંઠના વિસ્તારોમાં ભારે વરસાદ પડી શકે છે.

# ભાજપ મહારાષ્ટ્ર, હરિયાણા વિધાનસભા ચૂંટણી શાહની આગેવાનીમાં લડશે

(એજન્સી) નવીદિલ્હી

ભારતીય જનતા પાર્ટીના મુખ્યાલય ખાતે એક ઉચ્ચ મીટિંગ સમાપ્ત થઈ છે. હાલના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં આગામી ચૂંટણીઓ અને નવા પ્રમુખ પદ માટે ચર્ચા થઈ છે. આધારભુત સૂત્રોના જણાવ્યા મુજબ ભાજપ હરિયાણા, મહારાષ્ટ્ર અને ઝારખંડની વિધાનસભાની ચૂંટણી શાહની આગેવાનીમાં જ લડશે.ભાજપના મહાસચિવ, સચિવ, પ્રદેશ પ્રમુખો અને અન્ય પદાધિકારીઓની ઉપસ્થિતીમાં આ મીટિંગ યોજાઈ હતી જેમાં આગામી ચૂંટણી અંગે ચર્ચાઓ થઈ હતી અને પાર્ટીના નવા પ્રમુખની ચૂંટણીનું માળખું નક્કી કરવામાં આવ્યું હતું. ભાજપના નેતા અને રાજ્યસભાના સાંસદ ભુપેન્દ્ર યાદવે કહ્યું હતું કે ભાજપનું સભ્યપદ અભિયાન સમાપ્ત થયા બાદ નવા પ્રમુખની પસંદગી કરવામાં આવશે. અમિત શાહ કેન્દ્રીય ગૃહ મંત્રી બન્યા ત્યારબાદ એવી પ્રબળ ચર્ચા હતી કે ભાજપ નવા પ્રમુખની પસંદગી કરશે.

# બંગાળમાં તબીબ પર થયેલ હુમલા અંગે વડનગરમાં પડ્યા પ્રત્યાઘાત




બંગાળમાં તબીબ પર હુમલો થયી હતો તે અંગે મહેસાણાના વડનગરમાં તેના પડઘા પડ્યા હતા વડનગરના જી.એમ.ઇ.આર. એસ.મેડિકલ કોલેજ ના છાત્રો દ્વારા રેલી કાઢવામાં આવી હતી. તેમજ સરકાર સામે સક્ષણની અપેક્ષાની માંગણી કરતા ઉચ્ચારણ કર્યા હતા.